





## ધાનેરામાં ગુમાસ્તા ધારાના ધજીયા, આવનારા સમયમાં ગુમાસ્તા ધારો કાગળ ઉપર બની રહે તેવા એંધાણ

ધાનેરામાં ગુમાસ્તા ધારાના ધજીયા ઉડી રહેલા જોવા મળી રહ્યા છે અને કેટલાક વેપારીઓ ધ્વરા રવિવારે પણ દુકાનો ચાલુ રાખી બજાર ધમધામવી રહ્યા છે ત્યારે આવનારા સમયમાં ધાનેરા ગુમાસ્તા ધારો કાગળ ઉપર રહે તો નવાઈની વાત નથી. સરકારશ્રીના નિયમ મુજબ અઠવાડિયામાં એક દિવસ રજા રાખવામાં આવે છે અને કાયદેસર ગુમાસ્તા ધારાનું પણ કરવામાં આવતું હોય છે પરંતુ ધાનેરામાં તો કેંક અવળી જ ગંગા જોવા મળી રહી છે. ધાનેરા નગરપાલિકા ધ્વરા તમામ વેપારીઓને ગુમાસ્તા ધારાનું લાયસન્સ પણ આપ્યું છે પરંતુ ધાનેરા કેટલાક વેપારીઓ ગુમાસ્તા ધારાના ધજીયા ઉડાવી રહ્યા છે અને રવિવારે પણ દુકાન ચાલુ રાખી બજાર ધમધમાવી રહ્યા છે ત્યારે આવનારા સમય આ વેપારીઓને જોઈ બીજા વેપારીઓ પણ ધંધો રોજગાર ચાલુ કરે તો નવાઈ નહિ. માટે સ્થાનિક તંત્ર જાગે અને ગુમાસ્તા ધારાના ધજીયા ઉડાવનાર વેપારીને પાઠ ભણાવે નહીંતર આવનારા સમયમાં ગુમાસ્તા ધારો માત્ર કાગળ ઉપર જ જોવા મળે તો નવાઈની વાત નથી.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે પાંચ લાખની ચોરી

### ઘરમા પ્રવેશ કરી અંદર સુતેલા પતિ-પત્નીને છરો બતાવી તિજોરી સાફ કરી જતા પોલીસ ફરીયાદ થઈ : પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પલ્લાચર ખાતે રાત્રીના સમયે તસ્કરો દ્વારા મકાનમાં પ્રવેશ કરી ઘરમા સુતા પતિ-પત્નીને છરો બનાવી છ લાખના મત્તાની ચોરી કરી પલાય થતાં મકાનમાલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજના પલ્લાચર ખાતે રહેતા નટુભાઈ ભોળાભાઈ પટેલના મકાનમાં તસ્કરો દ્વારા આગળના બારણેથી પ્રવેશ કરી ઘરની અંદર ચડ્ડી બનીયાનધારી તથા મોંઢે કપડું બાધેલ તથા માથા ઉપર ટોપી પહેરીને ઘર અંદર જઈને ઘરમા સુતા પતિ પત્નીને છરો બતાવી ઘરમા રહેલ સર સામાન વેરવિખેર કરી રસોડામાં આવેલ બધા કબાટો ખોલી તથા તિજોરી ખોલી તિજોરીમાં રહેલ સોનાના ચાંદીના દાગીના મળી કુલ ૫,૧૬,૫૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થતાં મકાન માલિક નટુભાઈ ભોળાભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરાતાં પ્રાંતિજ પી.આઈ વી.આર. ચાવડા, પ્રાંતિજ પીએસાઈ સહિત પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગળની તપાસ હાથ ધરી હતી.



## ધાનેરા વિસ્તારમાંથી રાજસ્થાનના યુવકે યુવતીનું કર્યુ અપહરણ

ધાનેરા તાલુકા માંથી યુવતી નું અપહરણ કરી જુદી જુદી જગ્યાએ લઈ જી તેના ઉપર દુષ્કર્મ આચરતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસે ગુનો નોંધી આરોપી ને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે.

ધાનેરા તાલુકા ના સરાલ ગામે રહેતી ૨૪ વર્ષીય યુવતી ૧૨-૦૨-૨૦૧૮ ની રાત્રે લઘુ શંકા કરવા માટે ઘર ની બહાર આવી હતી તે સમયે ઘર ની બહાર રેકી કરી રહેલો મદન દરજી નામનો રાજેસ્થાન નો શખ્શ આ યુવતી ને ઉપાડી ગાડી માં નાખી દીધી હતી અને તેનું અપહરણ કરી ડીસા અમદાવાદ ઉદેપુર તેમજ રાજેસ્થાનના જુદા જુદા વિસ્તાર માં તેને લઈ જઈ યુવતી ઈ મરજી વિરુદ્ધ યુવતી ઉપર સૂષ્કર્મ આચર્યું હતું અને જો આ વાત કોઈને કહીશ તો યુવતી ને જાણ થી મારી નાખવાની ધમકી આપી હતી મદન દરજી નામનો શખ્સ યુવતી ને છેલ્લે તેના ઘરે લઈ ગયો હતો અને ત્યાં યુવતી એએકલતા નો લાભ લઈ તેના પરિવાર ને ટેલિફોનિક સંપર્ક કરી જણાવ્યું હતું કે મને આ યુવક ઉપાડી લાવ્યો છે અને હું તેના ઘરે છું ત્યારે યુવતી ના પરિવાર જાણો યુવતી ને લેવા જતા યુવક ઘર છોડી નાશી ગયો હતો અને યુવતી ના પરિવાર જાણો યુવતી ને ઘરે લઈ આવ્યા હતા.

સમગ્ર બાબતે યુવતી ધ્વરા ધાનેરા પોલીસ મથક માં જાણ કરતા ધાનેરા પોલીસે મદન દરજી નામના શખ્સ સામે અપહરણ અને બળાત્કાર નો ગુનો નોંધી આરોપી ને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે ધાનેરા સહીત બનાસકાંઠા જિલ્લા માં અપહરણ અને બળાત્કાર ના ગુના માં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે આ બાબતે તંત્ર જાગૃત બને અને આરોપીઓને પાઠ ભણાવે તો કદાચ આવનાર સમય માં આવા ગુના અટકાવી શકાય.

## કંપની સમાચાર

### ઈન્ફલેમ એપલાયન્સીસ લિ.નો પબ્લિક ઈસ્યુ ૬ઠ્ઠી માર્ચે ખુલશે

ઈન્ફલેમ એપલાયન્સીસ લિ. (આઈએએલ) સોલન (હિમાચલ પ્રદેશ)માં આવેલ નફો કરતી કંપની છે. કંપની એલપીજી ગેસ સ્ટોવ/કુકટોપ્સના ઉત્પાદનમાં રોકાયેલ છે અને ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮ના રોજ પબ્લિક ઈસ્યુ (આઈપીઓ) લાવી રહી છે. ૧૨,૦૦,૦૦૦ ઈક્વીટી શેરનું પબ્લિક ઈસ્યુ શેરદીઠ રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતી શેરદીઠ રૂ. ૫૪ના ભાવે કુલ રૂ. ૬૪૮ લાખ રૂપિયાનું પબ્લિક ઈસ્યુ છે. આમાંથી ૬૪,૦૦૦ ઈક્વીટી શેર માર્કેટ મેકર દ્વારા ભરણા માટે રીઝર્વ રાખવામાં આવેલ છે. ચોખ્ખું ભરણું કંપનીની ફુલ્લી ડીલ્યુટેડ પોસ્ટ ઈસ્યુ પેડ-અપ કેપીટલના ૨૮.૪૦ ટકા રહેશે. કંપનીના શેર બી.એસ.ઈ., એસ.એમ.ઈ. પ્લેટફોર્મ જેમ કે બીએસઈ એસએમઈ ઉપર લીસ્ટેડ થશે. પબ્લિક ઈસ્યુ ૮મી માર્ચ, ૨૦૧૮ના રોજ બંધ થશે. સ્વસ્તિક ઈન્વેસ્ટમેન્ટ લિ. ઈસ્યુના લીડ મેનેજર છે અને બીલાઈન બ્રોકિંગ લિમિટેડ ઈસ્યુના માર્કેટ મેકર છે. કંપની પબ્લિક ઈસ્યુનો ઉપયોગ વર્કિંગ કેપીટલની જરૂરીયાતને પહોંચી વળવા, મૂડી ખર્ચ, સામાન્ય કોર્પોરેટ ઉપયોગ અને પબ્લિક ઈસ્યુ ખર્ચને પહોંચી વળવામાં કરશે.

ઈન્ફલેમ એપલાયન્સીસ લિમિટેડ અગાઉ પાર્ટર્નરશિપ ધારો ૧૯૩૨ ''(પાર્ટરનશીપ એક્ટ) અન્વયે મેસર્સ ટેકનો એન્જીનીયરીંગ કોર્પો''ના નામે પાર્ટનરશીપ ફર્મ તરીકે ૨૦ માર્ચ, ૨૦૧૦ના રોજના પાર્ટનરશીપ ડીડથી સ્થપાયેલ હતી અને પબ્લિક લિમિટેડ કંપની તરીકે નવેમ્બર ૧૪, ૨૦૧૭ના રોજ કંપનીધારો ૨૦૧૩નો ભાગ-૧ ચેપ્ટર ૨૧ અન્વયે ''ઈન્ફલેમ એપલાયન્સીસ લિમિટેડ''ના નામે પબ્લિક લિમિટેડ કંપની તરીકે રૂપાંતર થયેલ છે.

કંપનીના પ્રમોટરમાં સર્વ અદિત્ય કૌશીક, દિનેશ કૌશિક અને અમિત કૌશિકનો સમાવેશ થાય છે, જેઓ ડોમેસ્ટીક એપલાયન્સીસ ઈન્ડસ્ટ્રીમાં ૧૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે.

જયારે ચોખ્ખો નફો રૂ. ૪૫.૮૫ લાખ અને રૂ. ૬.૨૫ લાખ મેળવેલ છે. કંપનીએ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પુરા થતા વર્ષ દરમ્યાન ૨૫૪૨.૪૪ લાખની આવક તથા ટેક્ષ પછીનો નફો રૂ. ૮૦.૩૮ લાખ અર્જિત કરેલ છે.

## ધી એમઆરટીસી ઘાંચી હાઈસ્કૂલ, મોડાસામાં વાર્ષિક મહોત્સવની શાનદાર ઉજવણી

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રવિવારે સવારે ૧૦ કલાકે ધી એમ.આર.ટી.સી. ઘાંચી હાઈસ્કૂલ હાજી ઈબ્રાહીમભાઈ ગુજરાતી (આઈજી)ઘાંચી પ્રાથમિક શાળા, તથા હાજી પી.બી. સુથાર ઘાંચી બાલગૃહમાં ધો. ૧૦ની વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ વાલી વાલેદા સંમેલન તથા ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભના અધ્યક્ષ સિકંદરભાઈ વાય સુથાર (રાજાબાબુ), મુખ્ય મહેમાન રાજેન્દ્રસિંહ એસ. ઠાકોર (ધારાસભ્ય, મોડાસા તાલુકા), ડૉ. નઈમુદ્દીન કાઝી (એમડી મેડીસીન, ઘાંચી આરોગ્ય મંડળ), દિપક ભાટિયા (પી.આઈ. મોડાસા ટાઉન) તથા અતિથિ વિશેષ તરીકે અબ્દુલ રજ્જાક એચ. ટીંટોઈયા (પ્રમુખ, ધી મોડાસા રોડ ટ્રા. કો.ઓ. સો.લી.), નિલેશ વી. જોષી (પ્રમુખ, શ્રી સરસ્વતી મંડળ વી.એસ. શાહ પ્રા. શાળા, મોડાસા), મો. આરીફ આઈ. શેઠ (ચેરમેન, ધી બવાહીર સહકારી શરાફી મંડળી લી.), સુલેમાનભાઈ એ. ખાનજી (પ્રમુખ, મોડાસા સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજ), મો. સલીમ પી. સુથાર (પ્રતિનિધિ, હાજી પી.બી. સુથાર ઘાંચી બાલગૃહ) તથા કારોબારી સભ્ય સભાસદ વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. સદર સંસ્થાના સેક્રેટરી મોહનીફ એસ. સીંધવાએ ઉપસ્થિત મહેમાનોનું તથા વાલી વાલેદાઓનું સ્વાગત પ્રવચન કર્યુ હતુ. મુખ્ય મહેમાન રાજેન્દ્રસિંહ એસ. ઠાકોરે પ્રસંગને અનુરૂપ પ્રવચન આપી સંસ્થાને એમની ગ્રાન્ટમાંથી રૂ. ૨,૫૦,૦૦૦ જાહેર કર્યા અને અન્ય મુખ્ય મહેમાન ડૉ. નઈમુદ્દીન કાઝી અને દિપક ભાટિયાએ પણ પ્રવચન આપ્યુ હતુ. જ્યારે અતિથિ વિશેષમાં નિલેશ વી. જોષી અને સુલેમાનભાઈ એ. ખાનજીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યુ હતુ. સંસ્થાના પ્રમુખ, સિકંદરભાઈ વાય. સુથાર (રાજાબાપુ)એ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકે અને વિદ્યાર્થીઓને સારી એવી બધી જ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે આપણી સંસ્થાની માલિકીનું આધુનિક બિલ્ડીંગમાં જુન-૨૦૧૮થી નવી બિલ્ડીંગમાં સ્થળાંતર કરવાની જાહેરાત કરી. તે બિલ્ડીંગ ભેરૂન્ડા રોડ ઉપર લિમડા તળાવની પાછળ આવેલી છે અને જુની બિલ્ડીંગમાં અત્યંત આધુનિક ઘાંચી હોલ બનાવવાનું જણાવ્યુ. તેથી વાલીઓએ પ્રમુખની આ કામગીરીને બિરદાવી હતી.

# પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યો

### નગરપાલિકાના કોર્પોરેટરો સહિત સગાસંબંધીઓ ઉપસ્થિત રહી મોંઢુ મીઠું કરવી શુભેચ્છાઓ પાઠવી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે યોજાયેલ નગરપાલિકાની ચૂંટણી બાદ ભાજપનો વિજય થયો હતો. પાલિકા પ્રમુખ તથા ઉપપ્રમુખને લઈને સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આજરોજ પ્રમુખ ઉપપ્રમુખ દ્વારા વિધિવત્ પાલિકાનો ચાર્જ સંભાળ્યો હતો.

પ્રાંતિજ પાલિકાની ચૂંટણી બાદ નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી. આજે નગરપાલિકામાં મહિલા પ્રમુખ ગીતાબેન સંજયભાઈ પટેલ તથા ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ દ્વારા વિધિવત રીતે સારા ચોગડીયામાં પાલિકાનો ચાર્જ સંભાળ્યો હતો. નગરપાલિકાના ચુંટાયેલા કોર્પોરેટરો તથા સંગાસંબધીઓ સહિત શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં હતાં અને પ્રમુખ ઉપપ્રમુખને શુભેચ્છાઓ પાઠવી મોઢું મીઠું કરાવી ફુલહાર પહેરાવી શુભકામનો પાઠવી હતી.



## આકાશ સંસ્થાનો હોળી મિલન સમારોહ યોજાયો

અમદાવાદ કર્ણકાયસ્થ એસોસીએશન ફોર સોશિયલ હાર્મોની સંસ્થા દ્વારા અમદાવાદમાં સાબરમતી પાસે આવેલી ન્યુ રેલવે કોલોનીમાં રવિવારે હોળી મિલન સમારોહ કોલોનીના સમુદાય ખાતે યોજવામાં આવ્યો હતો. સમારોહમાં આકાશ સંસ્થાના આશરે ૧૨૦ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં માસિક વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોષ્ઠી સમારોહમાં અતિથિ તરીકે ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સના સચિવ મનોજ દાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના અધ્યક્ષ આર.બી. મલ્લિક, સચિવ આદિત્ય દાસ તેમજ કોષાધ્યક્ષ શિશિર ચૌધરીના માર્ગદર્શનમાં માસિક વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હદય નારાયણ ચૌધરી, સુનિલ દાસ, દયાશંકર દાસ, નવીન લાલ, સંજય કર્ણ, ચંદનકુમાર, રંજીત દત્ત, વિનયદાસ તથા જિતેન્દ્ર કર્ણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત મહિલાઓમાં વિમલા દાસ, સ્વાતિ દાસ, નંદિની દાસ તથા ગુડિયા કર્ણે કાર્યક્રમમાં હર્ષભેર ભાગ લીધો હતો.

### બે જ વર્ષમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળના અકુદરતી મૃત્યુને અટકાવવા સરકારે કરેલી વ્યવસ્થા અંગેનો જવાબ આપતાં વનમંત્રીએ જણાવ્યું હતું કે, ગીર અભયારણ્ય અને આરક્ષિત વિસ્તારની નજીક આવેલા રેવન્યુ વિસ્તારમાં ખુલ્લા કૂવાઓ અને ફરતે પારાપેટ(નાની દિવાલ) બનાવવામાં આવી છે. અમરેલી જિલ્લામાંથી પસાર થતા રેલ્વે ટ્રેકની બંને બાજુએ ફેન્સીંગ કરવામાં આવી છે, એટલું જ નહી સિંહોની પ્રજાતિની રક્ષા અને જાળવણી માટે સરકાર દ્વારા ખાસ આજુબાજુના ગામોમાં વન્ય પ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવી છે.

### કડક અમલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમલવારીના લીધે બખેડો થયો હતો. રાજયની આર ટી ઓ કચેરીમાં એજન્ટ પ્રથા નાબુદ થાય તે માટે વિભાગ દ્વારા અગાઉ પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેના અમલ માટે આજથી આર ટી ઓ કચેરીમાં સિકયુરીટીનો પણ કડક પહેરો જોવા મળ્યો હતો. જો કે આર ટી ઓ કચેરીમાં સિક્યુરીટી જવાનોને પણ વિવિધ ઠેકાણે ફરજ સોંપી દેવામાં આવી છે. ત્યારે આજે આર ટી ઓ કચેરીમાં પ્રવેશ માટે આઈ ડી પ્રુફ ચેક કરીને નોંધણી કરીને એન્ટ્રી આપવામાં આવી હતી. એજન્ટ પ્રથાને ડામવાના પ્રયાસ રૂપે શરૂ કરાયેલી આ પ્રક્રીયાના લીધે આર ટી ઓ કચેરીમાં થોડી વાર માટે હોબાળો પણ થયો હતો. જો કે આર ટી ઓ અધિકારીના જણાંવ્યા મુજબ તેમની ગેરહાજરીમાં પ્રવેશના મામલે થાડી વાર માટે હોબાળો થયો હતો. પરંતુ તેમની હાજરી બાદ કોઈ આ પ્રકારની હરકત થઈ નથી.બીજીબાજુ કેટલાક એજન્ટોએ આર ટી ઓ કચેરીમાં પ્રવેશ મામલે કેટલાક મળતિયાઓને સરળતાથી કોઈ રોકટોક વગર જ પ્રવેશ અપાતો હોવાનો રોષ પણ વ્યકત કર્યો હતો.

### હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેવાના સંકેત છે. આ બિલમાં તરત છુટાછેડાના કેસમાં મુસ્લિમ પતિને જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ભાજપે સાફ શબ્દોમાં કહ્યુ છે કે કોંગ્રેસ અને ડાબેરીઓ તરફથી જોરદાર વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં સંસદમાં ત્રિપલ તલાક બિલ પસાર કરવા માટે સરકાર ઈચ્છુક છે. ઓબીસી કમીશન માટે બંધારણીય દરજ્જા સાથે સંબંધિત બિલ સરકારના એજન્ડામાં સામેલ છે. સંસદમાં કેન્દ્રિય બજેટ પર ચર્ચા પણ કરવામાં આવનાર છે. સત્રના પ્રથમ હિસ્સામાં બજેટ રજૂ કરવામાં આવ્યુ હતુ. સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કાની શરૂઆત ૨૯મી જાન્યુઆરીના દિવસે થઈ હતી. નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. બજેટની સાથે રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવ્યુ હતુ. બજેટ સત્ર રિશેસ સાથે બે તબક્કામાં છે. સેશનનો પ્રથમ હિસ્સો નવમી ફેબ્રુઆરી સુધી ચાલ્યો હતો. સંસદ સત્રનો બીજો તબક્કો આજે શરૂ થયા બાદ છઠ્ઠી એપ્રિલ સુધી ચાલશે.સંસદના બન્ને ગૃહો બજેટ સત્રમાં એક મહિના સુધી રિશેષ રહ્યા બાદ ફરી મળી રહ્યા છે. સરકારના એજન્ડામાં ત્રિપલ તલાક બિલ પણ છે. પંજાબ નેશનલ બેંકની સાથે ૧૨૭૦૦ કરોડ રૂપિયા અથવા તો ૧૨૭ અબજ રૂપિયાની છેતરપિડીં કરનાર હીરા કારોબારી નીરવ મોદી અને અન્ય આરોપી ફરાર થઈ ગયા બાદ સરકાર દ્વારા ફગેટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ બિલને સરકારે મંજુર કર્યુ હતુ. એકબાજુ વિરોધ પક્ષ કોંગ્રેસ સહિતના પક્ષોએ આ ફ્રોડ માટે સરકાર પર દોષારોપણ કર્યા છે. નરેન્દ્ર મોદી પર કોંગ્રેસે પ્રહારો કર્યા છે. આજથી શરૂ થયેલા સંસદના સત્ર દરમિયાન ભાજપ અને કોંગ્રેસ આમને સામને રહે તેવી શક્યતા છે. અનેક મુદ્દા સત્ર દરમિયાન છવાયેલા રહે તેવી શક્યતા છે. દેશના સૌથી મોટા બેકિંગ કોંભાડ પંજાબ નેશનલ બેંક કોંભાડ જોરદાર ગરમી જગાવે તેવી શક્યતા છે. આ ઉપરાંત હિરા કારોબારી નીરવ મોદી અને તેમના મામા મેહુલ ચોકસી વિદેશ ભાગી જવાના મામલે સરકારને ભીંસમાં લેવા કોંગ્રેસ પ્રયાસ કરી શકે છે.

### સીરિયા બની જશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીશ્રી રવિશંકરે મૌલાના સલમાન નદવીનો બચાવ કરતાં કહ્યું કે તેમણે આ પ્રકરણ પર કોઈપણ રીતે પૈસાની ઓફર કરી નથી. આ એ જ નદવી છે જેમણે કોર્ટની બહાર ઉકેલ લાવવાને સમર્થન આપ્યું હતું. તેમના સૂચનને મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે રદ કરતાં બોર્ડમાંથી બહાર જ કરી દીધા.

બીજીબાજુ ૮ ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા વિવાદની સુનવણી થઈ હતી. કોર્ટે તમામ પક્ષોને બે સપ્તાહની અંદર કેસ સાથે જોડાયેલ કાગળિયા લાવવાનું કહ્યું હતું. કેસની આગળની સુનવણી ૧૪મી માર્ચના રોજ હશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે નિર્દેશ આપ્યો કે તેઓ આ કેસની સુનવણી એક જમીન વિવાદ તરીકે જ કરશે, કોઈપણ ધાર્મિક ભાવના અને રાજકીય દબાણમાં સુનવણીને સંભળાવાશે નહીં.

જો કે અયોધ્યા વિવાદ પર સમજૂતીની નવી ફોર્મ્યુલા ઉકેલનાર મૌલાના નદવીના સૂર બદલાયા છે. મૌલાના નદવીએ હવે પોતાનું વલણ બદલતા વિવાદ પર સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જોવાની વકાલત કરી છે. જ્યારે પહેલાં તેઓ આધ્યાત્મિક ગુરૂ શ્રી શ્રી રવિશંકરની સાથે મળીને કોર્ટની બહાર મુદ્દાનો ઉકેલ તપાસવાની વાત કરી રહ્યાં હતા.

### ઓસ્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એવોર્ડ પણ જીતી લીધા હતા. તોરોએ તેમની કેટેગરીમાં રહેલા ક્રિસ્ટોફર નોલન, જોર્ડન પિલે, ગ્રેટા ગાર્વિન, પોલ થોમસને પછડાટ આપી હતી. છેલ્લા પાંચ વર્ષમાં કોઈપણ મેક્સિકોના લોકોને ચોથી વખત આ એવોર્ડ મળ્યો છે. બીજી બાજુ અભિનેતા ગેરી ઓલ્ડમેનને ડાર્કેસ્ટ અવરમાં બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન વિંસ્ટન ચર્ચિલની ભૂમિકા અદા કરવા બદલ શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. ઓસ્કાર સ્વિકાર કરતી વેળા ઓલ્ડમેને કહ્યું હતું કે, આ ગૌરવશાળી એવોર્ડ માટે તે તમામનો આભાર માને છે. બીજી બાજુ થ્રી બિલબોર્ડ્સ આઉટ સાઉટ અબિંગ મિઝોરી માટે ફ્રાન્સેસ મેકડોર્મેટને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. કોલ મી બાય યોર નેમના સ્ક્રિપ્ટ રાઈટર જેમ્સ આઈવરીને સૌથી મોટી વયમાં એવોર્ડ મળ્યો હતો. ૮૭ વર્ષની વયમાં તેમને ઓસ્કાર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમમાં સૌથી પહેલા પહોંચનાર હસ્તીઓમાં ખુબસુરત જેનિફર લોરેન્સ રહી હતી. જેનીફર લોરેન્સ રેટકાર્પેટ પર આવતાની સાથે જ છવાઈ ગઈ હતી. રંગારંગ કાર્યક્રમમાં તમામ હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. દ શેપ ઓફ વોટર ફિલ્મ કોલ્ડવોર ઉપર આધારિત છે. આ ફિલ્મની પટકથા એક બોલી ન શકનાર મહિલા પર આધારિત હતી. આ મહિલા અમેરિકાના બાલ્ટીમોરની એક ગુપ્ત લેબોરેટરીમાં કામ કરે છે. ફિલ્મમાં આ મહિલા એલિશાની ભૂમિકાને સેલી હોકિન્સે જોરદારરીતે અદા કરી છે. તેની લાઈફમાં તે વખતે જોરદાર ફેરફાર થાય છે જ્યારે તે દરિયામાં રહેનાર એક રહસ્યમય જીવના પ્રેમમાં પડે છે.

### કોરિડોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માહિતી પણ આપવામાં આવનાર છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે નવી રેલવે લાઈન પર ટ્રેનો ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડાવવામાં આવનાર છે. આ લાઈન કે તો વર્તમાન અથવા તો આવનાર દિવસોમાં બનનાર રાષ્ટ્રીય રાજમાર્ગોના ઉપરથી થઈને પ્રસાર થનાર છે. હાલની રેલવે લાઈનની નજીક પડેલી રેલવેની જમીન પર તેને બનાવવામાં આવનાર છે. રેલવે આ પ્રોજેક્ટ માટે મોટા ટેન્ડર બહાર પાડનાર છે. જેમાં તમામ મોટી કંપનીઓને આમંત્રણ આપવામાં આવનાર છે. આ પગલુ નિર્માણનો ખર્ચ ઓછો રાખવાના હેતુથી લેવામાં આવનાર છે.સરકારે સિંગલ પિલર્સ પર ડબલ લાઈન બનાવવા માટેની મોટી યોજના તૈયાર કરી છે. જેથી નિર્માણ ખર્ચ ૨૦૦ કરોડ રૂપિયા પ્રતિ કિલોમીટરથી ઘટીને ૧૦૦ કરોડ રૂપિયા પ્રતિ કિલોમીટર થઈ શકે છે. રેલવે દ્વારા યાત્રીઓને વિશ્વ સ્તરની ઝડપી સુવિધા આપવા માટેની તૈયારી પણ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત લાઈટવેટ એલ્યુમિનિમ કોચ આ લાઈનોને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવશે. આ રેલવે લાઈન પર ટ્રેનો વિજળીથી દોડાવવામાં આવશે. ફન્ડિંગ માટે આ બાબતની શક્યતા છે કે, ફાઈનાન્સિયલ સંસ્થાઓ અને મલ્ટીલેટરલ એજન્સીઓ પાસેથી ફંડ લેવામાં આવશે. સાથે સાથે રેલવે પોતાની જમીન બેંકથી પણ પૈસાની વ્યવસ્થા કરશે. આવા પ્રોજેક્ટના ઓપરેશનલ નફા વધારે છે. કારણ કે રેવેન્યુ સ્ટેશનોના કોમર્શિયલ ઉપયોગ જેમ કે, નોનફેયર વિકલ્પો પણ ચકાસવામાં આવશે. રેલવે પ્રધાન પીયુષ ગોયેલે કહ્યું છે કે, આ પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. સરકાર હાલમાં મુંબઈ-અમદાવાદ વચ્ચે ૫૩૪ કિલોમીટર લાંબા બુલેટ ટ્રેન કોરિડોર બનાવવામાં વ્યસ્ત છે. આના પર એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ છે. આ પ્રોજેક્ટ ૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવનાર છે. દિલ્હી-ચંદીગઢ, દિલ્હી-મુંબઈ, દિલ્હી-કોલકાતા, બેંગ્લોર-ચેન્નાઈ જેવા બીજા કોરિડોર માટે પણ ફિઝિબિલીટી અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે.